**કામીની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નોર્થ ઝોન (કતારગામ)**

**નં. એનઝેડ/આઉટ/૯૯૮૪**
**તારીખ : ૦૮/૦૧/૨૦૨૫**

## –: સંમતિ પત્ર :–

**પ્રતિ,**
**ઈજારદારશ્રી,**
.....................................
.....................................
.....................................
.....................................

**વિષય :–** નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૦૩ (કતારગામ), ફા.પ્લોટ નં. ૪૩૦/એ, ૪૩૫ માં આવેલ નાસીરનગર–૧ અને ૨ સ્લમ વિસ્તારમાં રોડની સાઈડમાં આવેલ ખાડીનાં ભાગે રોડની ધારે Earth Retaining Structure બનાવવા બાબત.

**સંદર્ભ :–** (૧) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૧૦/૨૦૨૩, તા.૧૮/૦૫/૨૦૨૩ થી મંજુર થયેલ ટેન્ડર.
(૨) મે. એડી. સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની તા. ૦૧/૦૧/૨૦૨૫ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૦૩ (કતારગામ), ફા.પ્લોટ નં. ૪૩૦/એ, ૪૩૫ માં આવેલ નાસીરનગર–૧ અને ૨ સ્લમ વિસ્તારમાં રોડની સાઈડમાં આવેલ ખાડીનાં ભાગે રોડની ધારે Earth Retaining Structure બનાવવાનું કામે સ્થાયી સમિતિના ઠરાવ નં. ૮૧૦/૨૦૨૩, તા.૧૮/૦૫/૨૦૨૩ થી મંજુર થયેલ ટેન્ડર મુજબ ૯.૭૯% ઉચા ભાવે અને શરતોને આધિન સદર કામગીરી રૂા.૫,૦૦,૦૦૦ પૈ. ની મયાર્દામાં કરાવવા મે. એડી. સીટી ઈજનેરશ્રી(સીવીલ) એ તા. ૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મંજુરી આપવામાં આવેલ છે.

આમ, નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૦૩ (કતારગામ), ફા.પ્લોટ નં. ૪૩૦/એ, ૪૩૫ માં આવેલ નાસીરનગર–૧ અને ૨ સ્લમ વિસ્તારમાં રોડની સાઈડમાં આવેલ ખાડીનાં ભાગે રોડની ધારે Earth Retaining Structure બનાવવાનું કામ સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી મંજુર થયેલ ટેન્ડર મુજબ અંદાજીત રકમ રૂા.૪,૫૫,૦૨૫.૬૩ પૈ. થી ૯.૭૯ % ઉચા ભાવ મુજબ રૂા.૪,૯૯,૫૭૨.૬૪ પૈ. નું કામ એટલે કે રૂા.૫,૦૦,૦૦૦ પૈ. મયાર્દામાં સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી મંજુર થયેલ ટેન્ડરના ભાવે અને શરતોને આધિન કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં **તા.૧૮/૦૧/૨૦૨૫** સુધીમાં નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઇ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –: શ ર તો :–

૧ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૫,૦૦૦/– ની આપવાની રહેશે.

૨ ઈજારદારે ‘ ઈ–૨ વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩ ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪ ઈજારદારે પુર્ણ કરેલ કામના/અનુભવના સર્ટીફીકેટ (FORM 3A) ની પ્રમાણિત નકલ સંમતિપત્ર સાથે આપવાની રહેશે.

૫ ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્નની નકલો સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬ ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭ ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮ ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯ કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૧૦ તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧ તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨ સદર કામગીરી બાબતે અત્રેના રસ્તા વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩ સદર કામગીરી સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી મંજુર થયેલ ટેન્ડરના Technical Specification મુજબ કરવાની રહેશે.

--S.D/--
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન(કતારગામ)
સુરત મહાનગરપાલિકા